# સંતબાલ પરિચય પુસ્તિકા



૧૩

# જૈન ધર્મ – વિશ્વ ધર્મ

*

સંતબાલ

નિવેદન

# સંતબાલ પરિચય પુસ્તિકા

સન ૧૯૩૭માં મુનિશ્રી સંતબાલજીએ રણાપુરમાં (નર્મદા તટે) સમૌન એકાંતવાસ સ્વીકાર્યો, તેના ફલસ્વરૂપે તેમને ભાલનળકાંઠા પ્રદેશનું ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું કાર્યક્ષેત્ર મળ્યું. આ વાતને ૧૯૮૭માં પૂરાં ૫૦ વર્ષ થશે. મુનિશ્રીનો ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ ગુજરાત–સૌરાષ્ટ્રના સંગમસ્થાન એવા સાવ નપાણિયા મુલકમાં, અનેક મર્યાદાઓ વચ્ચે ચાલ્યો, વિશિષ્ટ રીતે ચાલ્યો, અને હજુ આજે પણ ચાલી રહ્યો છે. પરંતુ છેલ્લાં ૫૦ વરસથી તેમણે સમાજને જે કંઈ આપ્યા કર્યું, તેનો ઋણભાવે સ્વીકાર કરી તેમના પ્રવૃત્તિઓનો તેમ જ વિચારોનો ગુજરાતની આમપ્રજાને પરિચય થાય તે દૃષ્ટિએ આ 'પરિચય પુસ્તિકા'ની યોજના રજૂ કરી છે.

આ યોજનાનો અમલ મુનિશ્રીની જન્મ જયંતી શ્રાવણપૂર્ણિમા ૧૯મી ઑગસ્ટ ૧૯૮૬થી શરૂ થયો છે.

આ પુસ્તિકાઓનો બહોળો પ્રચાર કરી સંતનું ઋણ અદા કરવાનું ન ચૂકીએ.

શ્રાવણ પૂર્ણિમા
તા. ૧૯–૮–૧૯૮૬

રજનીકાન્ત સંઘવી, પ્રમુખ
મનુ પંડિત, મંત્રી
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

સંતબાલ પરિચય પુસ્તિકા-૧૩

# જૈન ધર્મ-વિશ્વ ધર્મ

સંતબાલ

: સંપાદક :

મનુ પંડિત

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦ ૦૦૪

: પ્રકાશક :

મનુભાઈ જ. પંડિત મંત્રી, મહાવીર સાહિત્ય
પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૪

પ્રથમ આવૃત્તિ એપ્રિલ, ૧૯૮૭

આ પુસ્તિકાના પ્રકાશનમાં
**શ્રી હસમુખલાલ કસ્તૂરચંદ શાહ**
૪૫, સ્થા. જૈન સોસાયટી, નારણપુરા,
અમદાવાદ-૧૩ નો
આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે
તે બદલ સંસ્થા તેમની આભારી છે.

કિંમત એક રૂપિયો પચાસ પૈસા

: મુદ્રક :
શ્રી ત્રિપુરા પ્રિન્ટિંગ પ્રેસ, ૮, અડવાણી માર્કેટ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪

# જૈનધર્મ — વિશ્વધર્મ

## જગતના ધર્મોનો સમન્વય

આપણે સર્વધર્મ ઉપાસનાના અન્વયે બધા ધર્મો ઉપર વિચાર કરી રહ્યા છીએ. જ્યાં સુધી આપણે વિવિધ ધર્મોને તેમના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નહીં સમજીએ ત્યાં સુધી સર્વધર્મ ઉપાસના ન થઈ શકે. આજે જગતને જો એક કરવું હોય, હૃદયથી નજીક લાવવું હોય તો તે કામ ધર્મ સિવાય થઈ શકશે નહીં. જોકે રાજ્યની વ્યાસપીઠ ઉપર દુનિયાને એક કરવાનું કામ તો થઈ રહ્યું છે, પણ તેનો આધાર કાયદો અને દંડ છે એટલે એ એકતા હિંસા, ભય કે ધમકીથી ઉપર ઉપરની થશે, પણ અંતરથી નહીં થાય. દંડનો કાયદો ગમે તેટલો સારો હોય તોપણ અનુભવના અંતે એમ લાગે છે કે કેવળ માનવજાતિ જ નહીં, જગતના પ્રાણીમાત્રને અહિંસા, વાત્સલ્ય કે પ્રેમનાં તત્ત્વો દ્વારા જ નજીક લાવી શકાય છે. માનવ જગતમાં આ રીતે જ સ્થાયી એકતા સ્થાપી શકાય. માનવ સમાજને ભય, લાલચ, દંડ કે પ્રલોભન નહીં ખેંચી શકે, પણ પ્રેમ, સત્ય, ન્યાય અને અવ્યક્તબળ વગેરે ખેંચી શકશે. એને વ્યાપક રૂપ આપવું હોય તો તે ધર્મ દ્વારા જ આપી શકાશે.

એટલા માટે જ આપણે સર્વધર્મ ઉપાસના કરવાનું સૂચવીએ છીએ. એમાં મુશ્કેલીઓ છે તેમાં આવેલી વિકૃતિઓ અંધશ્રદ્ધા કે રૂઢિઓ એને સાફ કરવામાં આવે તો માનવ સમાજ ધર્મની વ્યાસપીઠ ઉપર એક થઈ શકે અને વિશ્વમાં સુખશાંતિ પ્રસરી શકે. એટલા માટે જ ધર્મના પાયા ઉપર દુનિયાની રચના કરવા ઇચ્છીએ છીએ. લોકશાહી પણ ધર્મના પાયા ઉપર હોય તો તે નીતિ-લક્ષી અને લોકલક્ષી બની શકે.

એ કામ કોણ કરી શકશે? એ માટે આપણી દૃષ્ટિ ધર્મગુરુઓ—સાધુ સંસ્થા ઉપર ઠરે છે કારણ કે સાધુપુરુષો વિશ્વકુટુંબી હોઈ ક્રાંતિ અને નવાં મૂલ્યોની સ્થાપના બલિદાન આપીને કરી શકે. એનું અવસાન થઈ જાય તો કોઈ રડતું નથી, પણ અંતરમાં સહુને દુ:ખ થાય એ સ્વાભાવિક છે. સાધુ દીક્ષિત થયા પછી એક નાનકડા કુટુંબનો મટીને મહાસમાજનો બની જાય છે. પણ, દુ:ખની વાત એ છે કે આજે સાધુ-સંન્યાસીઓ દીક્ષા લીધા પછી પણ નાના નાના વર્તુળ અને વાડામાં પુરાઈ જાય છે અને વિશ્વના પ્રશ્નોમાં તેઓ સક્રિય વિચારતા નથી. એટલે જ આજે વિશ્વના વિવિધ ક્ષેત્રમાં ધર્મની અસર નથી; કાં તો બહુ જ થોડી છે. જગતમાં ધર્મની વ્યાપક અસર ફેલાવ્યા વગર માનવ-સમાજને સુખશાંતિ નહીં મળે. સાથે જ ધર્મ કે ધર્મ—ગુરુઓનું પણ મહત્ત્વ નહીં રહે. એટલે જ સર્વ ધર્મના

સાધુઓએ ભેગા મળીને સર્વધર્મ સમન્વય સાધી, સર્વધર્મ ઉપાસનાની વ્યાસપીઠ ઉપર દુનિયાને એક કરવી પડશે. તે માટે કદાચ થોડો ભોગ આપવો પડશે કે થોડુંક ત્યાગવું પણ પડશે.

સર્વધર્મ ઉપાસનાના મુદ્દામાં જગતના પાંચ ધર્મો અંગે વિચારણા કરવી જોઈએ (૧) ખ્રિસ્તી ધર્મ, (૨) ઈસ્લામ ધર્મ, (૩) હિંદુ ધર્મમાં વૈદિક ધર્મ, (૪) બૌદ્ધ ધર્મ અને (૫) જૈન ધર્મ. આમ તો બૌદ્ધ ધર્મ હિંદુ ધર્મની એક શાખારૂપે છે પણ તેનો પ્રચાર હિંદ બહાર થયો હોઈને તેને અલગ સ્થાન આપ્યું છે. હિંદુ ધર્મમાં વૈદિક ધર્મ અને જૈન ધર્મ આવે છે.

આજે સંખ્યામાં જૈનો ભલે ઓછા હોય, પણ જૈન ધર્મમાં વિશ્વધર્મ બનવાની તાકાત છે; તેની પાસે અત્યંત ઘડાયેલી સાધુ સંસ્થા છે; તેમ જ જીવન ધર્મની સૂક્ષ્મ સમજણ છે. જોકે આજે તેના અનુયાયીઓનું આચરણ ઘણું સંશોધન માગી લે છે. છતાં એની જે વિશેષતાઓ છે, ને ખૂબીઓ છે તે આપણે જોઈશું.

## જૈનધર્મની મૂળ ખૂબીઓ

સર્વધર્મ ઉપાસનાના સંદર્ભમાં આજે જૈન ધર્મનો વિચાર સંક્ષેપમાં કરવાનો છે. એક રીતે એમ કહી શકાય કે માનવ સમાજને 'અહિંસક સંસ્કૃતિ'ની અને 'સહઅસ્તિત્વ'ની ભેટ આપનાર જૈન ધર્મ છે.

અને તેની એક યા બીજી રીતે વ્યાપકપણે અસર અન્ય ધર્મો ઉપર પડી છે. અત્રે જૈનધર્મની મૂળ ખૂબીઓ અંગે વિચાર કરીશું.

જૈનધર્મની મૂળ ખૂબીઓ માટે 'દશવૈકાલિક સૂત્ર'ના પ્રથમ અધ્યાયની પહેલી ગાથા રજૂ કરી શકાય. આ ગાથામાં જૈનધર્મની ખૂબીનો સાર આવી જાય છે. સ્થાનકવાસી સંપ્રદાયના મૂળ પુરુષ લોંકાશાહને આ એક જ ગાથાથી ઘણી પ્રેરણા મળી હતી અને તેઓ એક જ ગાથા પકડીને પોતાના ક્રાંતિકારી વિચારો ઉપર સ્થિર અને મક્કમ થયા હતા એમ કહેવામાં આવે છે. તે ગાથા આ પ્રમાણે છે:

धम्मो मंगल मुक्कि ट्ठं, अहिंसा संजमो तवो ।
देवावि तं नमंसंति जस्स धम्मे सयामणो ॥

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ રૂપ છે. તે અહિંસા–સંયમ–તપ એમ ત્રિપુટી રૂપે છે. જેનું મન હમેશાં ધર્મમાં લીન રહે છે તેને દેવતા તથા બીજા સમૃદ્ધશાળી પુરુષો પણ નમન કરે છે.

## વિશ્વચૈતન્ય સાથે રમણ :

'વત્થુ સહાવો ધમ્મો' — વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે એમ અગાઉ વિચારી ગયા છીએ. કોઈ પણ તત્ત્વ કે દ્રવ્ય હોય તેનો સ્વભાવ તો હોય જ છે. એવી જ રીતે ચૈતન્ય આત્માનો પોતાનો સ્વભાવ શું છે? એનો

સ્વભાવ એ જ છે કે વિશ્વચૈતન્યમાં રમણ કરવું. વિશ્વ-ચૈતન્યમાં રમણ કરવા માટે વહેવારિક તત્ત્વો બતાવ્યાં છે : અહિંસા, સંયમ અને તપ. આ ત્રણે શબ્દો ઘણી-વાર સાંભળવા છતાં, અતિ પરિચિત થઈ જતાં તેના ઊંડાણમાં જવાનું ધ્યાન થતું નથી. એટલે આપણે ધર્મ તત્ત્વના ઉપરના ખોખામાં તો ફરતા રહીએ છીએ. રમણ કરવું એટલે ફરવું–ઉપર ઉપર રમ્યા કરવું તેને દ્રવ્યરમણ કહેવાય. તે ભાવરમણ નથી. ભાવરમણ એટલે તત્ત્વના ઊંડાણમાં ઊતરી સારને પ્રાપ્ત કરી તે મુજબ જગતના બધા ચૈતન્યો સાથે રમણ કરવું–તે છે.

આત્માનો ચૈતન્ય સાથે રમણ કરવું એ સ્વભાવ છે અને તેના માટે અહિંસા એ પહેલું સાધન છે. અહિંસા તત્ત્વ અંગે પણ દ્રવ્ય અહિંસા સુધી જ તેનો અમલ જોવા મળે છે પણ ભાવ–અહિંસા તરફ દુર્લક્ષ્ય જ દેખાય છે. અહિંસાનું સ્વરૂપ ઉદારતાથી વિચારાયું નથી. ઉદારતા આવતાં માનવ વિશાળ બનવા પ્રેરાય છે. સર્વ પ્રથમ તેની સમક્ષ માનવ જાતિઓ આવે છે અને ત્યાર પછી સમષ્ટિ આવે છે. જૈન ધર્મે જે ધર્મનુ સ્વરૂપ બતાવ્યું છે તેમાં વિશ્વચૈતન્ય સાથે રમણ કરવાના અર્થે સમષ્ટિ સુધીની આત્મીયતા–એકતા–સાધવાનો પ્રયાસ કર્યો છે. એણે પૃથ્વીમાં જીવો કહ્યા છે. ધરતીના પેટાળમાં અને ધરતીના કણોમાં અવ્યક્ત ચૈતન્યવાળા જીવો છે, એથી જ એ માટીમાં શિલાઓ વૃદ્ધિ પામે

છે, પૃથ્વી ખાતર આપવાથી ફળદ્રૂપ બને છે. પાણીના પ્રત્યેક બિંદુમાં જીવો કહ્યા છે. સૂક્ષ્મદર્શકયંત્ર વડે જોવાથી અને હવે તો વિજ્ઞાન પણ કહે છે તેમ એક ટીપામાં ૩૬૦૦૦થી વધારે જંતુઓ જોવા મળશે. વાયુમાં પણ જીવો છે. અગ્નિમાં પણ સજીવતા છે. વનસ્પતિની સજીવતા તો વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બસુએ સિદ્ધ કરી બતાવી છે. આમ પણ વાતાવરણમાં રહેલ જંતુ (germs) નો વૈજ્ઞાનિક સિદ્ધાંત દરેક પદાર્થમાં જીવો બતાવે જ છે. આ બધા ચૈતન્યો સાથે આત્મરમણ કરવું તે ધર્મનો સ્વભાવ છે; આત્માની પ્રક્રિયા છે.

## અહિંસાનું વ્યાપક ક્ષેત્ર :

ચૈતન્ય સાથે આત્મ રમણ કરવા માટે વહેવારમાં જે પહેલું તત્ત્વ જૈનધર્મે કહ્યું તે અહિંસા છે. અહિંસા એટલે કોઈને પણ જીવન પ્રાણથી રહિત ન કરવું. આત્મીયતા સાધવા માટે જીવન–પ્રાણ જરૂરી છે. કોઈ મડદાં સાથે આત્મીયતા સાધતું નથી. એટલે અહિંસાનું તત્ત્વ માનવોમાં વિકસશે ત્યારે સૌથી પહેલાં એની ઉદારતા પોતાના જેવા માનવ પ્રતિ વરસશે, તેને બધા માનવો પોતાના જેવા લાગશે. તે એમની વચ્ચે વેર–વિરોધ કે ભેદભાવ નહીં નિહાળે પણ બધાને સમાનભાવે જોશે.

આ માનવસમાજમાં અલગ અલગ ધર્મો, સમાજો, સંસ્કૃતિઓ વિચારધારાઓ હશે. દેશ–રાષ્ટ્ર–પ્રાંત વગેરેના

ભેદો પણ હશે. ભાષાઓ પણ અલગ હશે, ત્યારે ખરો મુમુક્ષુ જે જે કક્ષાએ હશે તેને તે કક્ષાએ નિહાળીને આત્મીયતા અનુભવશે. પણ કોઈના તરફ ઘૃણા–દ્વેષથી નહીં જુએ કે તેમના નાશની કલ્પના નહીં કરે. કોઈ ધર્મવાળા પહેલે પગથિયે હશે; તેના માટે વિચારશે કે તેમને બાકીનાં પગથિયાં ચડવાનાં છે. એવી જ રીતે બીજે–ત્રીજે અને તેથી ઉપરવાળાં પગથિયાંના લોકોનો વિચાર કરશે; અને સમભાવથી જોશે. પોતાને ઊંચો કે બીજાને નીચો નહીં કહે.

## વિચારની અહિંસા :

એક મંદિરની સાત ટોચો છે. તેમાં આવનાર અલગ અલગ ટોચે હોય તો તેની સાથે જેમ ભાવિક દર્શકને ભેદભાવ ન હોય — તે તો બધાને શ્રદ્ધાથી માને છે. એવી જ રીતે સાચો અહિંસક બધા માનવસમાજને તેના ધોરણ પ્રમાણે નિહાળશે. એક નિશાળ છે તેમાં પહેલું ધોરણ પણ છે. અગિયારમું પણ છે. હવે અલગ અલગ ધોરણમાં બેસનાર વિદ્યાર્થીઓ ઝઘડો ન કરે અને પોતપોતાના ધોરણમાં બેસે છે. એમનું ધ્યેય તો શિક્ષણનું છે. એવી જ રીતે સ્કૂલો, કૉલેજો કે વિશ્વવિદ્યાલયો પણ પરસ્પર ઝઘડ્યા વગર શિક્ષણ આપવાનું કામ કરે છે. એવી જ રીતે તે દરેક ધર્મ અને સમાજોને જોશે! એને જ જૈનધર્મ **સ્વાદ્વાદ, સાપેક્ષવાદ કે અનેકાંતવાદ**

કહે છે. સાચી અહિંસાનું પાલન અનેકાંત વાદની દૃષ્ટિ વગર ન થઈ શકે !

જો એ દૃષ્ટિએ બધા ધર્મોને જોવા જઈએ, ઉદારતાથી બધા ધર્મો એકબીજાને જુએ તો ધર્મના ઝઘડા ટકી શકે નહીં ! જ્યારે ધર્મનો અર્થ વિશ્વચૈતન્યમાં રમણ કરવાનો છે ત્યાં આત્મ–એકતા સાથે ઝઘડો ટકી શકે જ નહીં. ધર્મના નામે ઝઘડો કરવો એ માનસિક અને વૈચારિક હિંસા છે અને હિંસાને ધર્મ સાથે કશો સંબંધ નથી.

ભગવાન મહાવીરે આ વસ્તુને બરાબર સમજી લીધી હતી. એટલે તેઓ અહિંસાના ઊંડાણમાં ઊતર્યા. તેમણે કહ્યું: "માત્ર બાહ્ય (દ્રવ્ય) હિંસા જ હિંસા નથી પણ, આંતરિક હિંસા (ભાવ) એ પણ મોટી હિંસા છે." પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને તંદુલ માછલાના દૃષ્ટાંતોથી એ વાત સારી પેઠે સમજી શકાય છે.

ઈંદ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરને ઘણી વખત પ્રશ્નો પૂછતા અને તેના જવાબમાં એમ પણ પૂછતા: "ભગવન્ ! હું વિચારું છું તે વાત બરાબર છે ?"

ભગવાન મહાવીર સ્વામી તે વસ્તુ બરાબર હોય તો તેને બરાબર કહેતા. જો કંઈક તત્ત્વ ખૂટતું હોય તો કહેતા: "બરાબર નથી !"

ગૌતમ સ્વામી પૂછતા : "કઈ દૃષ્ટિએ, કઈ રીતે આ

બરાબર છે, કે આ બરાબર નથી ?"

એટલે ભગવાન તે વાતને બીજાની દૃષ્ટિએ, બીજાની ભાષામાં, પારિભાષિક શબ્દ પ્રમાણે સમજાવતા. તેઓ દરેક વસ્તુને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવની કસોટીએ કસીને, તેને આચરણમાં મૂકવાની વાત કરતા. આને જ તેમણે 'અનેકાંત' એવું નામ આપ્યું હતું.

આવો અનેકાંત કુટુંબ જીવનમાં પણ જોવા મળે છે. કોઈ માણસ માંદો પડે તો કુટુંબનો આગેવાન તેને કહે છે : "તમારે ખીચડી ખાવી." પણ, તે સાજો સારો થઈ જાય ત્યારે તેના માટે ચાલુ પૌષ્ટિક ખોરાકનું વિધાન કરશે. આ વખતે પેલો માણસ જો એમ કહે કે તમે તો ખીચડી ખાવાનું જ કહ્યું હતું એટલે હું તો ખીચડી ખાઈશ." તો એ બરાબર ના કહેવાય. કાં તો તેણે પૌષ્ટિક ખોરાક લેવો પડશે નહીંતર તેનામાં શક્તિ નહીં આવે. એ જ રીતે ધર્મ અંગે પણ દ્રવ્ય–કાળ–ક્ષેત્ર–ભાવનો વિચાર અનેકાંત છે; અને તે જરૂરી છે.

## સર્વાંગી નજર :

ઘણા લોકો આ વાતને સમજી શકતા નથી. તેઓ કહે છે કે 'સર્વજ્ઞોએ જે દીઠું છે તેથી અન્યથા ન જ હોઈ શકે.' એટલે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે એમાં ફેર-ફાર હોઈ જ ન શકે. આમાં બે બાબતો વિચારવાની છે. એક તો સર્વજ્ઞોએ જે કહ્યું તેનો અંશમાત્ર વાણીમાં

આવ્યો છે; અને તેને લિપિબદ્ધ કરીને સર્વજ્ઞો આપી નથી ગયા. અત્યારના દરેક ધર્મ માટે એ વાત એટલે જ અંશે સત્ય છે. લિપિબદ્ધ શાસ્ત્રો થયાં ત્યારે તેના ઉપર ઘણા કાળના સંસ્કારો ચડી ગયા છે. તે ઉપરાંત એક મહાન વસ્તુ એ પણ સમજવાની છે કે સર્વજ્ઞોએ કદિ બીજા ધર્મો સાથે લડવાનું કે હિંસા કરવાનું કદિ જણાવ્યું નથી. એટલે જે આપણી પાસે ઉપલબ્ધ છે તેનો પૂર્ણ પત્તો મેળવવા માટે અંશને વિશાળ અર્થમાં જોવા માટે અનુભવની એરણ ઉપર મૂકવા જ પડશે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે :—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવંત જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

આજે "ધર્મ આવો છે કે ધર્મ તેવો છે" એવો વાદવિવાદ મોટા પાયે ચાલે છે. અને પોતાના મતને શ્રેષ્ઠ માનીને બીજાને ઉતારી પાડવાનો પ્રયાસ થાય છે એને જૈનધર્મે ભાવ–હિંસા કહી છે અને તે ઉત્કૃષ્ટે આચરાય તો મોક્ષે જનારો પણ સાતમી નરકનું બંધન બાંધી શકે છે તેમ રાજર્ષિ પ્રસન્નચંદ્રના માનસિક અધ્યવસાયો ઉપરથી ભગવાન મહાવીર કહી ગયા છે. આ વાત જૈનોએ તેમ જ અન્ય દરેક ધર્મે સમજવા જેવી છે.

જૈનધર્મે ભાવ-અહિંસાના આચરણ ઉપર ઘણું જોર આપ્યું છે; પણ આજે જૈનધર્મનો એકાંત આત્મવાદ તરફનો વળાંક એનાથી તદ્દન વિરુદ્ધ દિશામાં જતો લાગે છે. વિશ્વચૈતન્ય સાથે રમણ કરવું એ આત્માનો, ધર્મનો સ્વભાવ છે અને એ ત્યારે જ શકય બને જયારે ઇતર માનવસમાજોની વચ્ચે જવાય; તેમનો સંપર્ક સધાય. "અમને શું!" એમ કહીને જે ઉદાસીનતા કે ઉપેક્ષા આત્મવાદના નામે સેવવામાં આવે છે તે ખોટો છે. આ અંગે જૈન તીર્થંકરોના જ દાખલા લઈએ.

## તીર્થંકરો અને વહેવાર ધર્મ :

ભગવાન ઋષભદેવ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. તેઓ પરણ્યા, રાજા થયા અને તેમણે બીજો વ્યવહાર પણ કર્યો. તેમણે લોકોને ખેતીકળા – હથિયાર વિદ્યા શીખવી અને સમાજરચના કરી. એટલું જ નહીં જયારે એમને લાગ્યું કે હવે લોકોને અધ્યાત્મવિદ્યા શીખવવી જરૂરી છે ત્યારે તેમણે દીક્ષા લીધી. અહીં સમજવા જેવી વાત એ છે કે ત્રણ જ્ઞાનના ધારક, પરમ અવધિજ્ઞાની એવા ક્ષાયિક સમકિત પુરુષ માનવસમાજનો દરેક પ્રકારનો વહેવાર જાતે આચરે છે અને બીજા પાસે અચરાવે છે. એની સાથે એકાંત આત્મવાદનો કયાં મેળ થાય છે?

પ્રભુ પાર્શ્વનાથ પણ બધો વ્યવહાર કરે છે. એટલું જ નહીં પાડોશીધર્મ બજાવવા માટે સેના લઈને લડવા પણ જાય છે. પછી પરણે છે અને રાજ્યની બધી

સુવ્યવસ્થા જોયા બાદ સંયમ લે છે.

ભગવાન મહાવીર પણ બધો વહેવાર પાળે છે. મા-બાપને રાજી રાખવા પરણે છે; ભાઈને રાજી રાખવા બે વર્ષ સંસારમાં વધારે રોકાય છે. પછી વર્ષીદાન કરે છે. આ વર્ષીદાન પણ સમજવા જેવું છે. તેમાં દરેકને કોઈપણ જાતના ભેદભાવ વગર તેઓ દાન કરે છે. દરેક તીર્થંકર માટે પણ એવું જ વિધાન છે. ત્યાં તેઓ ધર્મના, પ્રાંતની જાતિના ભેદો ઊભા કરતા નથી. આટ-આટલું કર્યો પછી પણ દરેક તીર્થંકર અમુક કાળ લોકસમુદાયમાં વિચરે છે. ઉપસર્ગો સહે છે પણ કોઈના પ્રતિ ઘૃણા કે તિરસ્કાર દાખવતા નથી. ભગવાન મહાવીરને તો કાનમાં ખીલા ઠોકાવા, પગમાં ખીર રંધાવી, અનાર્યોની રંજાડ વગેરે ઘણા ઉપસર્ગો આવે છે. ત્યારબાદ તેમને પૂર્ણ આત્મજ્ઞાન થાય છે અને તેઓ ચતુર્વિધ સંઘની રચના કરે છે. તેઓ એમ વિચારતા નથી કે અન્ય આત્માઓનું હું કશું કરી શકવામાં નિમિત્ત બની શકતો નથી. પછી આ સંઘરચના શા માટે કરું? મારો જ આત્મ ઉદ્ધાર બસ છે. તેઓ જ્ઞાની-ધ્યાની હતા. તેઓ જાણતા હતા કે સંઘમાં અનેક સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ આવશે, તેમનાં પલોજણાં થશે....છતાં તેમણે વ્યવસ્થિત સંઘ સ્થાપ્યો....કારણ કે તેમના મતે હતું કે બધાય જીવોમાં અહિંસા કેમ ફેલાય? અહિંસા સમાજ વ્યાપી કેમ બને? તેમના મતે સ્વભાવનો અર્થ કેવળ પોતાના

આત્મમાં જ રમણ કરવું એવો સંકુચિત નહોતો. પણ, સ્વ એટલે આત્મા—અર્થાત્ વિશ્વમાં જયાં જયાં ચૈતન્ય છે ત્યાં ત્યાં પોતાના આત્માનું રમણ કરવું; જે સ્વભાવમાં રમણ કરે તેને અનુમોદન આપવું એવો તેમણે વ્યાપક અર્થ લીધો હતો. એટલે જ તેઓ આચારાંગ સૂત્રમાં "तुमंसि नमा तं चेव जं चेव हंतव्वंत्ति न्मनसि" એવાં સૂત્રો કહી શકયા.

તેમની અહિંસા–ઉદાર હતી. એટલે કેવળ પોતાના જ કેવળજ્ઞાનથી સંતોષ ન માન્યો પણ પોતાના ચૌદ હજાર સાધુઓ અને છત્રીસ હજાર સાધ્વીઓ ઉપરાંત તે યુગના લાખો શ્રાવકોના પ્રશ્નો લઈ તેમણે નવું ઘડતર કર્યું કરાવ્યું. આ સંઘના પણ પોતાના ગૂંચવાતા પ્રશ્નો હતા. આવડો મોટો સંઘ એકલે સંભાળવો એ પણ અટપટો પ્રશ્ન હતો. આજે તો નાની એવી જૈન પેટા સંપ્રદાયોના પ્રશ્નો આચાર્યોને મૂંઝવે છે; ત્યારે ભગવાન મહાવીર સામે સંઘસભ્યોની સંખ્યા જ કેટલી મૂંઝવનારી હોવી જોઈએ! પણ એકાંગી આત્મવાદના નામે તેઓ એને પડતું મૂકીને ધ્યાન ધરવા ન બેસી ગયા. ગામે–ગામ પાદ-વિહાર કરીને તેમણે સંઘને વ્યવસ્થિત કર્યો. ગણધરો બનાવ્યા અને સંઘમાં વિકેન્દ્રીકરણ કરી બધાયનું વ્યવસ્થિત સંચાલન અને માર્ગદર્શન કરી–કરાવી શકયા.

તેમણે દરેક બાબતમાં ત્રણ તત્ત્વોનો વિચાર કરવાનું કહ્યું: (૧) જ્ઞેય—એટલે દરેક વસ્તુમાં જાણવા જેવું

જાણો, (૨) હેય—તેમાં છોડવા જેવું હોય તેને ત્યાગો (૩) ઉપાદેય—એટલે કે ગ્રહણ કરવા લાયક હોય તેને લેવું! આ જ વહેવારિક સમન્વય, વ્યક્તિવાદી વિચારધારાઓનો છે. સાથે સાથે સાધુઓ માટે એ વસ્તુ બતાવી દીધી કે તમારે દરેક ક્ષેત્રના, સમાજના પ્રશ્નો જરૂર લેવા; ધર્મદૃષ્ટિએ માર્ગદર્શન અને પ્રેરણા પણ આપવાં. પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ-ભાવનો પ્રતિબંધ રાખ્યા વગર દરેક ક્ષેત્રના પ્રશ્નોમાં વિચારવું. આ આખી દૃષ્ટિ જૈનધર્મે આપી, એથી જ જૈન ધર્મ સંઘવાદી હોઈ વહેવારમાં અહિંસાને અચરાવવાની શક્યતા ઊભી કરે છે. ભગવાન મહાવીરે આ જ ચાલના જુદા જુદા ધર્મોને આપી.

## અહિંસાનું સર્વ સામાન્ય આચરણ :

કેટલાક લોકો આ રહસ્યથી અજાણ હોઈને કહે છે કે તેઓ તો મહાપુરુષ હતા; એ તેઓ જ આચરી શકે; સામાન્ય માણસ ન આચરી શકે. એના માટે 'વહેવાર સૂત્ર–ભાષ્ય' અને 'બૃહત્કલ્પ સૂત્ર–ભાષ્ય' જોવા જેવાં છે. જેમાં અહિંસાને સર્વસામાન્ય રીતે આચરણીય બનાવવા માટે ખુલાસાથી કહેવામાં આવેલું છે. સાધુઓ માટે પણ જૈનાચાર્યો અહિંસાના વહેવાર સંબંધે કેટલી ઝીણવટથી ઊતર્યા છે તેના ઘણા દાખલા મળે છે.

વહેવાર ભાષ્યનો એક દાખલો લઈએ.

એક રાજા હતો. તેને ત્રણ દીકરા હતા. સામાન્ય

પરંપરા પ્રમાણે મોટા દીકરાને ગાદી મળવી જોઈએ. પણ, રાજાએ વિચાર્યું કે પ્રજાપાલક, ગુણી અને અહિંસકને મારે ગાદી આપવી છે. તેણે તેમની પરીક્ષા લીધી. તેણે ખીર બનાવી. ત્રણેને જમવા બેસાડ્યા. તે જ વખતે શિકારી ભૂખ્યા કૂતરાઓને પણ છોડ્યા. મોટો રાજપુત્ર તો કૂતરાને જોઈ ભાણું મૂકીને ભાગ્યો. રાજાએ વિચાર્યું આ તો ડરપોક છે. તે શું રાજ્ય ચલાવશે? બીજા રાજપુત્રે પોતાની તલવાર ખેંચી અને તે ઊભો થયો. રાજાને થયું કે આ તો કેવળ સશસ્ત્ર પ્રતિકારમાં જ માને છે. પ્રજાને કચડીને જ રાજ્ય કરશે. ત્રીજો રાજપુત્ર ત્યાંથી ન ભાગ્યો પણ પોતાની પાસેની ખીરની થાળીમાંથી થોડીક પેલા કૂતરા તરફ આગળ કરી; અને પોતે નિરાંતે ખાવા લાગ્યો. રાજાએ વિચાર્યું કે આ અહિંસક ઢબે રાજ્ય કરી પ્રજાને પાળશે અને પોતે સુખેથી રહેશે. તેણે એને રાજ્ય સોંપ્યું.

આ દૃષ્ટાંત ભલે કલ્પિત હોય પણ એમાં અહિંસાને વહેવારમાં ઉતારવાની કળા બતાવી દીધી છે. 'જીવો અને જીવવા દો'નું સૂત્ર પણ એમાંથી નીકળે છે.

સર્વે જીવો સાથે આત્મવત્ ભાવ રાખવાની વાત ગીતામાં કહી છે; તેને જૈન ધર્મે વહેવારમાં આચરી બતાવી છે. રાજા માટે શબ્દ આવે છે: "ગો-બ્રાહ્મણ પ્રતિપાલ!" એમાં ગાયની રક્ષાની વાત આવી. એ ગાય ક્યાંથી આવી? એ જંગલમાંથી આવી ત્યારે અહિંસક

તો નહોતી જ. આફ્રિકામાં જંગલી ગાયોને જોશો તો તરત જ મારવા દોડશે. માણસે તેને પોષણ આપ્યું, વહાલ આપ્યું; આત્મીયતા સાધીને તેની પાસેથી કામ લીધું. તેથી જ આજે ગાય મનુષ્ય માટે વાત્સલ્યનું સાધન બની શકી.

ગ્રીક સામ્રાજ્યની વાતોમાં એક ગુલામની વાત આવે છે કે તેણે સિંહના પંજામાંથી કાંટો કાઢી નાખ્યો, પરિણામે સિંહ તેનો મિત્ર બન્યો. જ્યારે ગુલામ પકડાયો અને સિંહના પાંજરામાં તેને મૂકવામાં આવ્યો તો એ જ સિંહ હતો. તે એને મારવાના બદલે, તેના પગ ચાટવા લાગ્યો.

અમે જ્યારે કાઠિયાવાડમાં સં. ૧૯૯૬માં ગયેલા ત્યારની આ વાત છે. એક છોકરાને ગાયને ધાવતો જોયો. મને આશ્ચર્ય થયું કે ગાય તેને લાત કેમ મારતી નથી. તે ભાઈને પૂછવાથી તેણે કહ્યું: “ગાયને અમે એવી ટેવ પાડી છે. એટલે બાળક એને ધાવે ત્યારે તે એને ચાટીને વહાલ કરે છે; પણ બાળકને ઇજા કરતી નથી.” આ ઉપરથી જોઈ શકાય છે કે જંગલી પશુઓ પણ અહિંસક બની શકે છે.

પંખીઓ પોતાના માટેનું ચણ ગમે ત્યાંથી મેળવી શકે છે, પણ લોકો તેમની સાથે આત્મીયતા સાધવા માટે ચણ નાખે છે અને પંખીઓ તેને ચણવા આવે છે. લોકો

ગાયને ખવડાવે છે તેમ વાંદરાને હનુમાનજી માનીને ખવડાવે છે; કાગડાને વાસ નાખે છે; ખિસકોલીને પવિત્ર ગણે છે; અરે, કીડીયારાં પાસે લોટ નાખે છે એટલું જ નહીં ઘરના આંગણે તુલસીક્યારો રાખી પાણી સીંચે છે. વડ-પીપર અને લીંબડાને પૂજે છે. આ સામાન્ય રીતે આચરાતી અહિંસાનો પ્રત્યક્ષ વહેવાર છે. આ બધી જીવસૃષ્ટિમાં પડેલ ચૈતન્ય સાથે પોતાના આત્માને પરોવવા માટે જ આ બાબતો બતાવવામાં આવી છે. આત્મવત્‌ની વાત કેવળ નિશ્ચયરૂપે ન રહે પણ વહેવારમાં આચરવા માટે ભગવાન મહાવીરે કહી.

જૈનધર્મની આ અહિંસાના કારણે વૈદિક ધર્મમાં, યજ્ઞ-યાગમાં જે પશુબલિ અપાતી-માંસાહાર થતો, તે બહુ જ ઓછા પ્રમાણમાં થવા માંડયો. વૈદિકધર્મે તો યજ્ઞની-વૈદિકી હિંસાને હિંસા ન થાય એમ ગણીને છૂટ લીધી. ત્યાં જૈન ધર્મે તો અવ્યક્ત ચૈતન્યવાળાં જીવો સાથે આત્મીયતા સાધી-અહિંસા પાળો એમ લોકમાન્ય તિલકને પણ કહેવું પડયું.

## અહિંસાનો વિપરીત ક્રમ : એક ચેતવણી :

જૈનો માટે જ્યાં અહિંસક-સંસ્કૃતિ આપવાનું ગૌરવ લેવા જેવું છે ત્યાં આજે અહિંસાનો જે વિપરીત ક્રમ ચાલુ થયો છે ત્યાં ચેતવા જેવું છે. આજે જૈનો કીડી -મકોડીની દયા પાળે છે; પણ માણસોનું શોષણ કરી, ચૂસીને જેવા વેપારો કરે છે તેના કારણે તેમની અહિંસા

હાંસીને પાત્ર બની ગઈ છે. પાણીના જીવની રક્ષા કરવી અને રેશમી કે ચરબીવાળાં વસ્ત્રો પહેરી શકે કે એનો વેપાર કઈ રીતે કરી શકે! એટલે જ એક જૈન ભાઈએ જ ગાયું છે:

સુધરી કેમ બને સારી? જેને પડી પ્રકૃતિ નઠારી?
નાના જીવને પૂંજણીથી રક્ષે, ને માણસને ચૂસે ભારી
અરેરે... નાખે મારી...!

મતલબ કે જૈનોમાં અહિંસાએ વિકૃત રૂપ–વિપરીત ક્રમે પકડયું છે. જીવદયા તો થાય છે, પણ માનવદયાને વિસારવામાં આવી રહી છે.

તે ઉપરાંત અહિંસાના નામે અન્યાયનો પ્રતિકાર આજે જૈનોમાં રહ્યો નથી. "તેનો જીવ દુઃખાશે" એવા લૂલા બચાવના નામે તેઓ અહિંસાને પાંગળી બનાવી રહ્યા છે. અહિંસાનો અર્થ, બધા સાથે આત્મીયતા સાધવી એ ખરું છે, પણ અન્યાયને તાબે થવું, કે કાયર થઈને સહેવું એવું જૈન ધર્મમાં ક્યાંયે લખ્યું મળતું નથી.

અન્યાયના પ્રતિકાર માટે સાપરાધીની સાથે રણ-સંગ્રામમાં ઝઝૂમે; એવા ચેટક રાજાના કોણિક સાથેના સંગ્રામમાં એક કરોડ એંસી લાખ માણસ મરી જાય છે, છતાં રાજા ચેટક શ્રાવક આત્મભાન નથી ચૂકતા. આ છે ભગવાન મહાવીરની બતાવેલ અહિંસા—એની વ્યાખ્યામાં જૈન ધર્મના મહાન આચાર્યોએ ખૂબ જ વિકાસ કર્યો છે.

## [૨] સરસ સંયમ :

જૈનધર્મની બીજી ખૂબી છે સંયમ. સંયમ અંગે જૈન-ધર્મની દષ્ટિ એકાંગી કે શુષ્ક નથી; પણ સંયમને સરસ અને વ્યાપક બનાવવા અંગે ઘણું કહેવામાં આવ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ સંયમ વિષે કહ્યું છે :

**નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,**
**એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે...!**

આ છોડો કે પેલું છોડો એવો બાહ્ય ત્યાગ એ જ માત્ર સંયમ નથી; સંયમ તો રસિકતાનો પૂંજ છે, જેમાંથી નિર્દોષ સુખ આનંદ મળે છે. શ્રી અરવિંદે કહ્યું છે : "તમે દરેક વસ્તુનો ઉપભોગ ભલે છોડો, પણ ઉપયોગ ન છોડો! બધીયે વસ્તુઓને તજશો તો એનો સ્વાદ ચાલ્યો જશે." એટલે જ નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ ગમે ત્યાંથી લેવામાં વાંધો નથી.

ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે :

तेन त्यक्तेन भुंजीथाः

પદાર્થનો ઉપયોગ કરવો હોય તો એના દોષને તજીને ભોગવો. એનું નામ છે ત્યાગ કરીને ભોગવવું. શ્રીકૃષ્ણમૂર્તિએ બધા સંબંધોને તટસ્થ રીતે તપાસવાની વાત કરી છે. જૈનધર્મ કહે છે કે—બધા સંબંધોને મીઠા બનાવો; નિર્દોષ બનાવો એમાંથી મીઠાશને ચૂસી લો. ભ્રમર જેમ રસ લે છે પણ બીજું ગ્રહણ કરતો નથી; તેમ દરેક

માનવીએ વસ્તુમાંથી સત્યનો રસ ચાખવો જોઈએ. આ રસિકતાનો ગુણ છોડવાની વાત જૈન ધર્મે ન કરી. 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ૩૨ મા અધ્યયનમાં સ્પષ્ટ કહ્યું છે કે વિષયો પોતે બંધનકારક નથી; પણ તેમાં મૂર્છા અને આસક્તિ બંધનકાર છે.

'આચારાંગ સૂત્ર'ની પ્રસ્તાવનામાં મેં લખ્યું છે:

**"જે વિકૃત રસની ઝંખના વધારે તે વિલાસ;**
**જે સંસ્કૃત રસની લિજ્જત ચખાડે તે સંયમ."**

આ વાક્યો મેં બહુ મંથનના અંતે લખ્યાં છે. તટસ્થ રહીને દરેક પદાર્થ કે સૌંદર્યમાંથી નિર્દોષ રસ લેવાની વાત જૈનાગમોમાં છે. પણ, દુર્ભાગ્યની વાત એ છે કે જ્યાં વિકાર–મૂર્છાને કાઢવાની વાત હતી અને તેનાં સ્થાન–મનને કાબૂમાં રાખવાની વાત હતી ત્યાં બાહ્ય પદાર્થોમાં વિકારોનું આરોપણ કરી તેને છોડવાની વાતો આજના કહેવાતા આધ્યાત્મિકો કરવા લાગ્યા.

**બ્રહ્મચર્ય અને નારી :**

સંયમ આવ્યો એટલે બ્રહ્મચર્ય સાથે જ હોય! ત્યાં સ્ત્રીથી અતડા રહેવામાં બ્રહ્મચર્યની સાધના છે એવું વિધાન કરી, સ્ત્રીને નીચી ગણી તરછોડી એનામાં વિકારોનું આરોપણ કર્યું. સ્ત્રીથી અતડા રહેવાની વાત જૈનધર્મ સાથે સુસંગત નથી લાગતી, કારણ કે ભગવાન મહાવીરે જ જૈનધર્મના નામે નારીને જ્ઞાન અને મુક્તિની અધિકારિણી

જાહેર કરી છે, એટલું જ નહીં ચાર તીર્થમાં બે તીર્થ સાધ્વી-શ્રાવિકા સ્ત્રીઓનાં કહ્યાં છે. જો અતડા રહેવાની વાત હોત તો સાધ્વીસંઘ અલગ ઊભો ન કરત કે બહેનોને દીક્ષા ન આપત. તેમણે સ્ત્રીને કદિ નરકની ખાણ કે 'તાડન કી અધિકારી' કહી નથી. તેમણે સ્ત્રીઓથી ડરી ડરીને ચાલવાની કદિ વાત જ કરી નથી. તેથી જ તેમના અને સાધુઓના દર્શને સ્ત્રીઓ પણ આવે છે. વનખંડોમાં સાધુ-સાધ્વીઓની અલગ અલગ સુવાની જગ્યા હતી પણ, તેઓ સાથે રહ્યા છે. નારી જાતિ પ્રતિ થતો અન્યાય સહન ન થયો એટલે તેમણે ચંદનબાળા સાધ્વીને સૌથી પહેલાં દીક્ષા આપી હતી અને નારી જાતિના પ્રશ્નો ઉકેલવા માટે માધ્યમ બનાવી હતી.

ભગવાન ઋષભદેવે એકાંતમાં ધ્યાન કરનાર બાહુબલિજી પાસે બ્રાહ્મી અને સુંદરી નામની સાધ્વી સ્ત્રીઓને મોકલી હતી. ભગવાન ઋષભદેવ પાસે ઘણા સાધુઓ હતા કોઈ પુરુષ સાધુને તેમણે ત્યાં ન મોકલ્યો; પણ બે સ્ત્રી સાધ્વીઓને જ મોકલી. આ આખી ઘટના સમજવા જેવી છે. એનો અર્થ સાર-એ છે કે બ્રહ્મચર્યમાં જાગૃત રહો તેમ જ વાસના-વિકારથી પણ સાવધ રહો. છતાં જોખમો ખેડવાં પડે તો ખેડવાં જોઈએ.

જો જોખમ ન ખેડવાની કે સ્ત્રીથી અતડા રહેવાની વાત હોય તો સ્થૂલીભદ્ર મુનિના ગુરુ તેમને વેશ્યા કોશાને ત્યાં શા માટે મોકલત ? કદાચ ઘડીભર એમ માની લઈએ

કે સ્થૂલીભદ્ર મનના પાકા હતા. પણ બીજી વખત તેમના ગુરુ ભાઈ સાધુને તેમના આચાર્યે મોકલ્યા. તેઓ એટલા બધા પાકા ન હતા છતાં બ્રહ્મચર્યનો અખતરો કરવા માટેનું તેમણે જોખમ ખેડયું હતું.

ભગવાન મહાવીરના સમયે શ્રેણિક રાજાની પત્ની ચેલણાનો પણ એક પ્રસંગ છે. રાત્રે હાથ બહાર રહી જતાં, કકડતી શરદીમાં હાથ ઠૂંઠવાઈ જતાં તેના મુખમાંથી શબ્દો નીકળે છે : "એ બિચારાનું શું થશે?"

રાણીના મનમાં તે વખતે ઉપવનમાં ખુલ્લામાં તપ કરતાં જોયેલા મુનિ હતા, પણ રાજા વહેમાય છે અને સવારે ધૂંઆંફૂઆં થતો ભગવાન મહાવીર પાસે જાય છે. ભગવાન મહાવીરે શ્રેણિકની શંકાનું સમાધાન કરીને કહ્યું "તમને ચેલણા જેવી પતિવ્રતા સ્ત્રી પ્રત્યે ખોટી શંકા છે. એથી ચેલણા સાથે જ નહીં, આખી નારી જાતિ પ્રતિ અન્યાય થશે!"

ભગવાન મહાવીર રહસ્ય ખુલ્લું કરે છે અને શ્રેણિકને પશ્ચાતાપ થાય છે. જો ભગવાને સ્ત્રીઓથી અતડા રહીને જ બ્રહ્મચર્ય સાધનાની વાત કરી હોત તો તેઓ બહેનોના આવા અટપટા પ્રશ્નો લઈને ચંદનબાળા સાધ્વીના માધ્યમથી અગર તે પોતાના અનુભવથી તેનો ઉકેલ ન કરી શકત!

ખરેખર જોવા જઈએ તો નારીને બ્રહ્મચર્યમાં બાધક જૈનધર્મે કદી માની નથી. એટલે જ મલ્લિનાથ

સ્વામી સ્ત્રીવેદે પણ તીર્થંકર થયાં છે એમ બતાવ્યું છે. તેમ જ પંદર ભેદે સિદ્ધ કહ્યાં તેમાં 'સ્ત્રીલિંગ સિદ્ધા' પણ કહ્યું છે. ખરું જોતાં નારીમાં વિકાર નથી; તે પણ નિર્વિકાર બની શકે છે. પુરુષ બને છે. પણ, જો તેનામાં વિકાર ન જેવો હોત તો પહેલાં પોતાનો વિકાર દૂર કરવો જોઈએ અને તેના પ્રત્યેક અંગમાંથી ઝરતા વાત્સલ્યનું પાન કરવું જોઈએ. રથ નેમિમુનિને કોઈ પૂછે તો ખબર પડે કે તે વિકારમયી છે કે પ્રેરણામૂર્તિ ? બાહુબલિને પ્રેરણા પણ એ જ નારીએ આપી હતી. જો કે અર્હન્નક, આર્દ્રકુમાર વગેરે કેટલાક સાધુઓ સ્ત્રી આસક્તિથી સંસારમાં પાછા ફર્યા હતા; પણ અંતે તો એ જ નારીની પ્રેરણાથી ઉપર આવ્યા હતા.

આપણે જોઈ ગયા તેમ જૈનધર્મે તો ચાર તીર્થમાં બે તીર્થ તો નારીને જ સોંપ્યાં છે. સાધુ-સાધ્વી, શ્રાવક –શ્રાવિકા એ ચારેને સાથે રહેવાનું સૂચવ્યું છે. સાધુઓ ઘેર ઘેર ભિક્ષા લેવા જાય છે ત્યાં તેમને મોટા ભાગે તો સ્ત્રીઓના હાથે જ ગોચરી લેવી પડે છે. જો સ્ત્રીના પડછાયા માત્રથી બગડી જવાતું હોય તો સાધ્વીઓને પુરુષો કેમ વાંદવા જાય? જૈનધર્મ તો નારીને પણ કલ્યાણમયી માને છે. વિકારોથી સજાગ રહેવાનું વિધાન અવશ્ય છે. તે જેમ પુરુષ માટે છે તેમ જ સ્ત્રી માટે પણ છે. એમાં જોખમ નથી; અને છે તો જોખમ ખેડીને પાર ઊતરવા જેવું છે.

આટલી બધી સ્પષ્ટ વસ્તુ હોવા છતાં જેઓ ઊંડાણુમાં નથી ઊતર્યાં અને રૂઢિને પકડીને બેઠા છે તેઓ કહે છે કે, "સ્ત્રી કથા ન કરવી!" એટલે કે સ્ત્રી સંબંધી વાત જ ન કરવી! શાસ્ત્રમાં તો ઠેર ઠેર સ્ત્રીઓની કથા જ નહીં; અંગોપાંગનાં વર્ણનો પણુ આવે છે. સ્ત્રીકથાનો ખરો અર્થ તો એ છે કે સ્ત્રીઓના વિકારની કથા ન કરવી. માતૃજાતિમાં પડેલાં, વાત્સલ્ય, સેવા, દયા, ક્ષમા વગેરે ગુણોને કેમ ભૂલી શકાય? માતૃજાતિ જ રત્નકુક્ષધારિણી છે. તેણે જ જગતના મહાન પુરુષોને જન્મ આપ્યો છે. એ ભૂલી જઈને તેને તરછોડવાથી કે અપમાનિત કરવાથી બ્રહ્મચર્યની સર્વાંગી સાધનામાં અને તેના અનુરૂપે સંયમ –સાધનામાં કચાશ રહેશે.

જૈન સાધુ માટે તો જૈન ધર્મે કહ્યું છે: "તું મુનિ ભલે થા. એક કુટુંબને છોડી જગતને કુટુંબ માનજે. શ્રાવકશ્રાવિકાને માતા–પિતા સમાન માનજે. તેમ જ પોતાના કુટુંબને પણુ સંયમના માર્ગે ખેંચજે! ભગવાન મહાવીરે પોતાની એકમાત્ર પુત્રીને અને જમાલિ નામના જમાઈને સંયમ માર્ગે ખેંચ્યો. એવું જ અન્ય મહાપુરુષોનું છે. ભગવાન બુદ્ધે રાહુલને ખેંચ્યો. ઈસામશીહે ગેલેલિયો જેવા માછીમારને સંયમના માર્ગે જવાનું શીખવ્યું.

## સંયમનું વિધેયાત્મક સ્વરૂપ :

એટલે સંયમનો નિષેધાત્મક અર્થ વસ્તુ છોડો–છોડો કહેવાય છે એટલે જ નથી; પણુ મનને દિવ્ય બનાવી

આસક્તિ તજી નિર્દોષ સુખ અને આનંદ લો; એ પણ છે. શ્રી અરવિંદના સિદ્ધાંત પ્રમાણે "જો તમે વિજ્ઞાનમય કોશમાં આવી જશો તો ભગવતી માતા ઊંચકીને તમને આનંદમય કોશમાં લઈ જશે !" એનું રહસ્ય પણ આ જ છે.

શ્રીમદ્જીએ પણ એ જ કહ્યું છે :

એક પરમાણુ માત્રની રહે ન સ્પર્શના,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો...
શુદ્ધ નિરંજન, ચૈતન્ય મૂર્તિ, અન્યમય
અગુરુ લઘુ, અમૂર્ત, સહજપદ રૂપ જો...

—અપૂર્વ

એનો અર્થ સ્પષ્ટ છે, પણ, પરમાણુનો સ્પર્શ છોડવાની સાથે કર્તવ્ય પણ છોડી દેવું ન જોઈએ. કેવળી થયા બાદ કંઈ પણ કરવાનું રહેતું નથી; છતાં આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી તેમણે લોકકલ્યાણ માટે બધુંયે કરવું પડે છે. પણ તેમને દ્રવ્યની કોઈપણ આસક્તિ સ્પર્શતી નથી.

જો પુરુષ કહે કે સ્ત્રીને છોડો, અને સ્ત્રી કહે કે પુરુષને છોડો તો છેવટે રહેશે શું ? ચારેય આશ્રમો રાખવાના છે. જો ૧૦૦માંથી એકડો કાઢી નાખીએ તો એ મીંડાં જ રહેશે. તેની કિંમત શું રહેશે ? એ મીંડા-માંથી પણ ૯૯ કાઢશો તો છેવટે ૦ (શૂન્ય) રહેશે. માટે સ્ત્રીજાતિને છોડવાનો અર્થ એ જ છે કે એમાંથી રાગદ્વેષ વિકારને છોડવા જોઈએ. આ સંયમની રસિકતા છે, જે જૈનધર્મની ખૂબી છે.

[૩] તપ :

ત્રીજી ખૂણી જૈનધર્મની છે તપ. એનો પણ વ્યાપક અર્થ લેવો પડશે. જો સમષ્ટિ સુધી પહોંચવું હોય તો તમારી જાત ઉપર નિયંત્રણ રાખવું પડશે. પોતાની જાત ઉપર કઠોર રહીને પણ બીજા પ્રતિ ઉદારતા દાખવવાથી, સમષ્ટિ સુધી પહોંચવાનો આનંદ મળશે. માતાને પોતે જમે એના કરતાં, બાળક જમી લે એમાં વધારે આનંદ આવે છે. એવી જ રીતે સાધકને ત્યાગ–તપમાં આનંદ આવવો જોઈએ. જુદી જુદી રીતે માણસની તાવણી થાય તો તેમાંથી આનંદરસની ચાસણી મળે તે સમષ્ટિ સુધીનો આનંદરસ ચખાડે.

ચંદ્રગુપ્તના સમયમાં બાર વર્ષના દુકાળમાં સાધુ-ઓએ અનશન એટલા માટે જ કર્યાં હતાં! ભગવાન મહાવીરે છ છ મહિનાનાં તપ કર્યાં. અભિગ્રહ કર્યો; સાડા-બાર વર્ષ મૌનમાં રહ્યા. ત્યારે ઘણા લોકો એમને કષ્ટ પણ આપતા અને પ્રલોભનો પણ આપતા. ભગવાન મહાવીરે તપ સાથે સમતાની સાધના પણ રાખી. એ તપમાંથી સમષ્ટિ પ્રેરાય છે. તેના દાખલા રૂપે મૃગલો સાધુને ગોચરી માટે લઈ જાય છે. દેડકો (નદન મણિયાર,) ચંડકૌશિક વિષધર, સસલો. વ. અહિંસક બને છે. એટલે તપ સાથે સમતા સાધીને સમષ્ટિ સાથે આત્મીયતા કેળવવાની રહે છે.

પોતે મરીને બીજાને જિવાડવાને, સંસ્કૃતિની રક્ષા

માટે અનશન છે. આ વિષે આ યુગમાં ઉપવાસ–અનશનની હારમાળા અંગે જ્યારે ગાંધીજીને વિચાર આવ્યો ત્યારે તેમણે પોતાના વહાલેસરી વિનોબાજીને લખ્યું. વિનોબાજીએ લખ્યું : "આ બહુ જ સુંદર વિચાર મને લાગ્યો. આપ આ ચલાવો. હું આપ ગયા પછી ખુશીથી સંભાળીશ" ગાંધીજીના અનશને તેમની લોકો સાથે અને વિશ્વ સાથે કેટલી વ્યાપક આત્મીયતા જગાડી હતી તે સર્વવિદિત છે.

જૈન ધર્મ કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પછી એને વ્યાપક બનાવવા માટે વીર્ય ફોરવવાનું હોય છે — બ્રહ્મચર્ય પાળીને પ્રયત્ન કરવાનો છે. એમાંથી ચતુર્વિધસંઘ નીકળે છે. જો વૈદિક ધર્મનું આટલું ખેડાણ ન હોત, બૌદ્ધ ધર્મનો મધ્યમ માર્ગ ન હોત તો જૈન ધર્મમાં સંશોધન કરવાની ખૂબી ક્યાંથી આવત?

આ ત્રણે મૂળ વિશેષતાઓમાંથી કર્મવાદ, અનેકાંતવાદ અને પુરુષાર્થવાદ નીકળ્યા છે; જે આ ત્રણ ખૂબીઓમાં જૈનધર્મે વણી લીધા છે. હવે એ ખૂબીઓમાંથી જૈનધર્મે આગળ વધવાનું છે.

(૧૯૬૨)

[સાધુ–સાધ્વી શિબિર માટુંગામાં યોજાયેલ વ્યાખ્યાનમાળામાં આપેલ વ્યાખ્યાન પરથી]

## જૈન ધર્મ

જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો થયા છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ અથવા આદિનાથ અને છેલ્લા ચોવીસમા

તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર થયા.

ભગવાન મહાવીર ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતમાં બિહારમાં થયા. બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા.

જૈન ધર્મના અનુયાયી 'જૈન' કહેવાય છે. એમની વસ્તી ૨૦ લાખ જેટલી છે. એ ભારતમાં મુખ્યત્વે ગુજરાત રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે રાજ્યોમાં વસે છે.

જૈન ધર્મનો કોઈ એક જ ધર્મગ્રંથ નથી. આચારાંગ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક વગરે આગમો જૈન ધર્મ શાસ્ત્રના ગ્રંથો છે.

આ ધર્મમાં મુખ્ય બે પંથ છે: (૧) શ્વેતાંબર અને (૨) દિગંબર.

શ્વેતાંબરમાં પાછા બે ફાંટા છે: (૧) દેરાવાસી, જે મૂર્તિપૂજામાં માને છે. (૨) સ્થાનકવાસી, જે મૂર્તિપૂજામાં માનતા નથી.

દિગંબર પણ મૂર્તિપૂજામાં માને છે. દિગંબરના સાધુઓ નગ્ન હોય છે. દિશારૂપી અંબર–વસ્ત્ર એટલે દિગંબર. આવા સાધુ હાથમાં ભોજન વહોરીને ગોચરી–ભિક્ષા લે છે.

જૈન ધર્મના ધાર્મિક તહેવારોમાં મુખ્ય 'પર્યુષણ પર્વ', ચોમાસાના બરાબર વચ્ચેના આઠ દિવસોમાં શ્રાવણ વદ ૧૨ કે ૧૩ થી ભાદરવા સુદ ૪ કે ૫ એમ આવે છે.

મૂર્તિપૂજક જૈનોનાં દેવમંદિરોને 'દેરાસર' કહે છે. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક એમ તમામ જૈનોના ધર્મ-ધ્યાન કરવાના સ્થળને 'ઉપાશ્રય' કહે છે.

## જૈન ધર્મની વિશેષતાઓ

૧. અહિંસા, સંયમ અને તપ એ જૈન ધર્મની આધાર-શિલા છે.

૨. આચરણમાં અહિંસા અને વિચારમાં સ્યાદ્વાદ અથવા એનેકાંતવાદ એ આ ધર્મનાં મુખ્ય બે પાસાં છે.

૩. જીવનના વહેવારમાં 'ન્યાય સંપન્ન આજીવિકા' એ પાયો છે. અને 'અપરિગ્રહ' એ આદર્શ છે.

૪. જૈન સાધુજીવનમાં અપરિગ્રહ, પગપાળા વિહાર અને ભિક્ષાચરીનું અનિવાર્ય સ્થાન અને મહત્ત્વ છે.

૫. પોતે તરવું અને બીજાને તરવાનો રસ્તો બતાવવો, એવો સ્વ–પર કલ્યાણનો એટલે કે વ્યક્તિગત સાધના સાથે સમાજગત સાધનાનો, તરણ–તારણ આ ધર્મ છે. એટલે જૈન ધર્મમાં ભગવાન કોટિના મહાપુરુષને તીર્થંકર કહેવામાં આવે છે.

૬. જૈન ધર્મ ગુણપૂજામાં માને છે. તેના નવકાર નમસ્કાર મંત્રમાં કોઈ વ્યક્તિનું નામ નથી. ગુણોને જ સ્થાન છે.

૭. આ ધર્મમાં જાતિ–કોમ–જ્ઞાતિ–નાત જાતના કશા ભેદ નથી.

## ભગવાન મહાવીરના જીવનના પ્રેરક પ્રસંગો

૧. મહાવીર ભગવાને પોતાના ૭૨ વર્ષના આયુષ્યમાં છૂટકછૂટક મળી સાડાબાર વર્ષ ઉપવાસો કર્યા હતા. સરેરાશ દર ૭ દિવસે એક ઉપવાસ થયો.

એક વખત ઉપવાસો પછી પારણાં કરવા માટે મહાવીરે મનમાં અભિગ્રહ ધાર્યો કે અમુક રીતે ભિક્ષા મળે તો જ પારણાં કરવાં.

રોજ પાતરાં લઈને ભિક્ષા લેવા નીકળે. લોકો રોજ નવી નવી યુક્તિઓથી ભાવપૂર્વક વહોરાવવા રાહ જોઈને ઊભા હોય. પણ ધારણા મુજબ ભિક્ષા આપનાર કોઈ ન મળે એટલે ખાલી પાતરાં લઈ મહાવીર પાછા ફરે. પણ મનમાં સહેજ પણ ખિન્નતા કે ગ્લાનિ નહિ. આશા કે નિરાશા નહિ. કુદરતની જેવી ઇચ્છા. સંપૂર્ણ નિસર્ગ-નિર્ભરતા.

સાડાપાંચ માસ અને ૧૨ દિવસે મનમાં ધારેલી ધારણા-અભિગ્રહ મુજબ ભિક્ષા મળી. ત્યાં સુધી ઉપવાસ લંબાયા.

નારીજાતિ, માથે મૂંડો પગમાં બેડી, આંખમાં આંસુ અને ત્રણ દિવસના અઠમના ઉપવાસ હોય તે અડદના બાકળા વહોરાવે તો એ ભિક્ષા લઈ પારણાં કરવાનો અભિગ્રહ હતો. તે વસુમતીના હાથે પૂરો થયો.

એ કાળે સ્ત્રીઓ ભર બજારે ઢોરની જેમ ગુલામ તરીકે વેચાતી હતી. સ્ત્રીને શાસ્ત્ર વાંચવાનો—સાધ્વી—સંન્યાસિ-

ની બનવાનો અધિકાર નહોતો. મોક્ષ તો સ્ત્રીને મળે જ નહિ એવી રૂઢ અને દૃઢ માન્યતા હતી.

વસુમતી આવી એક ગુલામડી તરીકે વેચાયેલી નારી હતી. એની બેડીઓ તો તૂટી જ. પણ, એ સાથે જ તમામ સ્ત્રીઓની ભયંકર ગુલામીની બેડીઓ પણ તૂટી.

સત્પુરુષોના શુદ્ધ સંકલ્પો ફળે છે. નિસર્ગમૈયાની મદદથી મહાવીરનો અભિગ્રહ પાર પડ્યો. સમાજમાં નારી-જાતિની જે ભયંકર અવહેલના થતી, નારીને માલિકીની ઉપભોગની ચીજ માનવામાં આવતી તેને બદલે એનું ગૌરવ પ્રસ્થાપિત થયું. વસુમતીમાંથી સાધ્વીજી બનેલાં ચંદનબાળા મહાસતીજીને સર્વોચ્ચ કેવળજ્ઞાન થયું. એમના આચાર્યપદે ૩૬ હજાર સાધ્વીજીઓ દીક્ષિત બન્યાં. અનેક સાધ્વીજી કેવળજ્ઞાન પામ્યાં.

૨. અનાર્ય પ્રદેશમાં મહાવીરે વિહાર કરી અનેક પરિષહો કષ્ટો સમતાભાવે સહ્યાં. નાગજાતિના ચંડકોશીક જેવાનાં ભયંકર ઝેરને પણ અમૃતમાં પલટાવી ચંડકોશીકનું જીવન પરિવર્તન કરી દીધું, કાંટાને ફૂલ બનાવી પાથરી દીધા. એક વાતાવરણ તૈયાર કરી દીધું. પરિણામે કાળે કરીને અનાર્ય–અભવ્ય–ગણાતી પ્રજામાં આર્યત્વ પ્રગટ્યું –ભવ્યત્વ–સત્સંગને પરિણામે સમૂળગું પરિવર્તન થયું.

૩. ઢોર ચારતા ભરવાડે અજ્ઞાનવશ મહાવીરના કાનમાં શૂળો ભોંકી દીધી. તે પણ મહાવીરે સંપૂર્ણ સમતાભાવ

રાખ્યો. સાધનામાં અડોલ રહ્યા. મનથી સહેજ પણ વિચલિત ન થયા. શરીર અને આત્મા જુદા છે. શરીર તે હું નથી, હું તે શરીર નથી, શરીરને પડતું કષ્ટ નિર્લેપતાથી સહી લીધું. સહજપણે આવેલા કાય–કષ્ટને સમતા ભાવથી સહી લેવું તે તપની પરાકાષ્ઠા. મહાવીરના જીવનમાં એવું તો કેટલુંયે જોવા મળે છે.

૪. માત્ર પૂણી બનાવીને જીવનાર પૂણિયા શ્રાવકની સામાયિકનું મૂલ્ય મહારાજા બિંબિસાર (શ્રેણિક)ને સમજાય તે માટે તેમને પૂણિયાની ઝૂંપડીએ જવા પ્રેર્યા. શ્રમપૂર્વકની ન્યાયસંપન્ન આજીવિકાનું ગૌરવ વધાર્યું.

સર્વધર્મ પ્રાર્થના પીયૂષ'માંથી

## જૈન સંસ્કૃતિના મૌલિક સિદ્ધાંતો

૧. જૈનદર્શન દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિથીયે પર જે એક અવ્યક્તતત્ત્વ છે એ આત્મા છે એમ આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે.

૨. પણ એ વૈદિક દર્શનોની જેમ આત્મા વિભુત્વવાદી નહીં એટલે કે સંખ્યાત્મક દૃષ્ટિએ આત્મા એક જ છે એમ નહીં, પણ અનેક છે, અને એ અનેક આત્માઓનું સૌ સૌનું વ્યક્તિત્વ પણ ભિન્ન ભિન્ન છે, એટલે આત્માનું અનેકત્વ અથવા સ્વતંત્ર આત્મતત્ત્વવાદ એમ માને છે.

૩. આત્મા પોતે પોતાના મૂળ સ્વરૂપથી નિત્ય છે, એટલે કે આત્માનું નિત્યત્વ જૈન દર્શન સ્વીકારે છે.

૪. છતાંયે સાંખ્યની જેમ આત્મા 'કૂટસ્થ નિત્ય' નહીં, પણ 'પરિણામી નિત્ય' છે.

૫. કારણ કે કર્મનો એ જ કર્તા છે અને એ જ એનો ભોક્તા છે.

૬. ભગવાન કે ઈશ્વર કોઈ પણ કાર્યનો કે કર્મનો કર્તા કે ફલદાતા નથી. જીવાત્મા પોતે જ પોતાના અજ્ઞાનથી રાગદ્વેષાદિ દોષયુક્ત ક્રિયા દ્વારા કર્મબંધન કરે છે અને એજ એનું ફળ ભોગવે છે. એટલે કે ઈશ્વરનું અકર્તૃત્વ જૈન દર્શનને માન્ય છે.

૭. આત્મા પોતે કરેલાં કર્મ અને સંસ્કારોને લઈને નિત્ય હોવા છતાં એને દેહ સાથે યોજાઈને જન્મમૃત્યુ કરવાં પડે છે. એટલે કે કર્મની જો કર્તૃત્વભોકતૃત્વની સંકલના સ્વીકારવી પડે છે, તો એને જ લઈને પુનર્જન્મની સિદ્ધિ થાય છે. એટલે જૈનદર્શન પુનર્જન્મનો સ્વીકાર કરે છે.

૮. આત્મા અને કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં એ સંબંધનો અંત આવી શકે છે અને જે કામાદિ ષડ્રિપુઓથી સર્વથા મુક્ત થાય તેઓ સર્વજ્ઞત્વને પામી શકે છે. ત્યાં સ્ત્રી, પુરુષ કે જાતિપાંતિ ઉચ્ચ કે નીચનો ભેદ નથી. એટલે 'સર્વજ્ઞત્વ'નો સૌ કોઈને એકસરખો અધિકાર છે, એમ જૈનદર્શનનું માનવું છે.

૯. મુક્તિધામ પામ્યા પછી એ સિદ્ધપુરુષોને શીરે

ફરી પાછા સંસારમાં આવી જન્માદિ ધારણ કરવાની ફરજ રહેતી નથી. એટલે કે મુક્તાત્માઓનું અપુનરાગમન એ એનો નવમો સિદ્ધાંત છે.

જૈન સંસ્કૃતિના આ નવ મૌલિક સિદ્ધાંતોમાં એનો સંપૂર્ણ આત્મા સમાઈ જાય છે.

('આચારાંગ સૂત્ર' પરિચ્છિદ, પા. ૧૦-૧)

卐

## જૈન ધર્મની પ્રાર્થના

**ચાર મંગલ છે:**

અર્હંતો મંગમ છે, સિદ્ધો મંગલ છે.
સાધુઓ મંગલ છે, કેવલીએ નિરૂપેલો ધર્મ મંગલ છે.

**ચાર લોકોત્તમ છે:**

અર્હંતો લોકોત્તમ છે. સિદ્ધો લોકોત્તમ છે. સાધુઓ લોકોત્તમ છે.
કેવલી ભગવાને નિરૂપેલો ધર્મ ઉત્તમ છે.

**ચારનું શરણું સ્વીકારું છું.:**

અર્હંતોનું શરણું સ્વીકારું છું. સિદ્ધોનું શરણ સ્વીકારું છું. સાધુઓનું શરણ સ્વીકારું છું. કેવલીએ નિરૂપેલા ધર્મનું શરણ સ્વીકારું છું.

ચાર શરણાં – ચાર માંગલિક
ચાર ભાવના ચાર ઉત્તમ કરે જેહ,
ભવસાગરમાં ન બૂડે તેહ
સકલ કર્મનો આણે અંત
મોક્ષ તણાં સુખ લહે અનંત.

☆

# પ્રથમ વર્ષે પ્રગટ થનાર પુસ્તિકાઓ

(૧૯૮૬–૮૭)

*૧. માતૃહૃદયી સંતબાલજી :
પુ. ગ. માવળંકર
*૨. મારા ગુરુદેવ નાનચંદ્રજી મહારાજ
*૩. શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી
*૪. ગીતા–દર્શન
*૫. વિશ્વવાત્સલ્ય
*૬. ગાંધીજી મારા પ્રયોગના પ્રેરક
*૭ ગો સેવા–ગોવત્સલતા
*૮. ગૃહસ્થાશ્રમના પથિકોને
*૯. ષડ્દર્શનની સંક્ષિપ્ત મીમાંસા
*૧૦. શ્રી આચારાંગ અને
ગીતાનો સમન્વય
*૧૧. ગૃહસ્થનો ધર્મ
*૧૨. ભાલનળકાંઠા પ્રયોગ
*૧૩. જૈનધર્મ-વિશ્વધર્મ
૧૪. પ્રાર્થના–સર્વધર્મ ઉપાસના
૧૫. વિશ્વવત્સલ મહાવીર
૧૬. શુદ્ધિપ્રયોગ
૧૭. માતૃસમાજ
૧૮. કચ્છયાત્રા
૧૯. દાન કે કર્તવ્ય ?
૨૦. મારી દ્રષ્ટિએ સમાજવાદ
૨૧. ઉત્તરાધ્યયનસૂત્રનું નવનીત
૨૨. લોકલક્ષી લોકશાહી
૨૩. શ્રદ્ધાંજલિનાં પુષ્પો
૨૪. ભૂદાન પ્રવૃત્તિમાં સહયોગ

**દર મહિને બે પુસ્તિકા પ્રગટ થાય છે.**

**શુભ પ્રસંગોએ લહાણી કરવા માટે**
**પુણ્યાત્માની સ્મૃતિમાં વહેંચવા માટે**
**મેળાવડાઓમાં ઇનામ વિતરણ માટે**
**વ્યક્તિગત ભેટ આપવા માટે**
**ઘેર ઘેર અને શાળા લાઈબ્રેરીઓમાં**
**વસાવવા યોગ્ય**

# સંતબાલ પરિચય પુસ્તિકાઓનો

બહોળો પ્રચાર કરી
સંતનું ઋણ અદા કરીએ.
**વાર્ષિક લવાજમ રૂપિયા ત્રીસ**

નોંધ : * આ નિશાનીવાળી પુસ્તિક[illegible] થઈ ચૂકી છે.

જૈન ધર્મને સમજવામાં ઉપયોગી
મુનિશ્રી સંતબાલજીની કલમે લખાયેલાં
કેટલાંક પુસ્તકો

૧. જૈન દૃષ્ટિએ ગીતા દર્શન
૨. ઉત્તરાધ્યયન સૂત્ર
૩. આચારાંગ સૂત્ર
૪. તત્ત્વાર્થ સૂત્ર
૫. દશવૈકાલિક સૂત્ર
૬. વિશ્વવત્સલ મહાવીર
૭. સાધક સહચરી
૮. ચિત્ત ચારિત્ર વિશુદ્ધિ
૯. સમકિતની સમજણ
૧૦. સિદ્ધિનાં સોપાન

ઉપરાંત દર મહિને પ્રગટ થતી
બે સંતબાલ પરિચય પુસ્તિકા મંગાવો

—

...રાન મંદિર
...ાજા બહાર,
...૦૦૪

ટાઈટલ ... ર્સ * દિલ્હી ચકલા, અમદાવાદ.